ગુણવાન હોવું એ જગતને વશ કરવાનું સર્વશ્રેષ્ઠ સાધન છે
- ચેખોવ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૩૨ | ૨૨ જુલાઇ, ૨૦૧૩, સોમવાર; અષાઢ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લાની ૫૧૩ શાળાઓમાં શુદ્ધ પેયજળની સુવિધા

## ૭૫ લાખના ખર્ચે ૬૪ શાળાઓમાં નવી ટાંકીઓ અને પાઈપલાઈન નંખાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાની ૫૧૩ શાળાઓમાં બાળકોને શુધ્ધ પેયજળ મળી રહે તે માટે આર.ઓ. અને યુ.વી.પ્લાન્ટ કાર્યરત કરી દેવામાં આવ્યા છે તેમજ બાકી રહેલી શાળાઓમાં પણ આ માસના અંત સુધીમાં આ કાર્યવાહી પૂર્ણ કરી દેવામાં આવશે.

જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપે આજે આ કામગીરીની સમીક્ષા કરી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની ૩૫ શાળાઓમાં પાણીની ટાંકીઓ બનાવાની કામગીરી હાલ પૂરજોશમાં ચાલુ છે. આ કામગીરી પણ એકાદ માસમાં પૂર્ણ થઈ જશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગે ૮૧ શાળાઓની ટાંકીઓ પાણીની પાઈપલાઈન બદલવા જેવી હોવાનું જણાવ્યું હતું પરંતુ વાસ્મો દ્વારા કરાયેલ સર્વેમાં માત્ર ૬૪ શાળાઓમાં આ જરૂરી હોવાનું જણાતાં તંત્રએ તે અંગેના અંદાજો પણ તૈયાર કરી દીધા છે. મળતી વિગતો પ્રમાણે રૂ. ૭૫ લાખના ખર્ચે આ કામગીરી વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન સંપન્ન કરી દેવામાં આવશે.

જિલ્લા શિક્ષણ તંત્રએ પણ દરેક શાળાના આચાર્યને એક પત્ર લખી પાણીની ટાંકીઓની નિયમિત સાફ સફાઈ થાય તે જોવા પર ભાર મુક્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની શાળાઓમાં આવેલા શૌચાલયોમાં પણ પાણીની સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવી છે અને તેની પણ સ્વચ્છતા જળવાય તે જોવા માટે શિક્ષણ તંત્રએ આચાર્યોને ખાસ તાકીદ કરી છે.

જિલ્લામાં બાળકોને શુધ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે જિલ્લાતંત્ર દ્વારા ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. તાજેતરમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટની એક બેઠકમાં પણ બાળકો માટે ઓ.આર.એસ.ના પેકેટ સાથેની ફર્સ્ટ એઈડ કીટ પણ શાળાઓને આપવાનો નિર્ણય પ્રભારી સચિવશ્રીની ઉપસ્થિતિમાં લેવાયો હતો જે ઉલ્લેખનીય છે.

## મંત્રીઓ આજે સંતો મહંતોનું શાલ ઓઢાડી સન્માન કરી ગુરૂ પૂર્ણિમા ઉજવશે

ગાંધીનગર, તા. ૨૧

રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ આવતીકાલે ગુરૂપૂર્ણિમાના દિવસે મંદિરો આશ્રમોમાં જઈ સાધુ સંતોનું સન્માન કરીને ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી કરશે.

ગુરૂપૂર્ણિમાનો દિવસ એટલે પોતાના ગુરૂઓને શિષ્યો દ્વારા પૂજા અર્ચના કરવામાં આવે છે. ગુરૂપૂર્ણિમાને અનુશાસન પર્વ પણ કહેવામાં આવે છે. સામાન્ય રીતે શીખનારે ગુરુઓના અનુશાસનમાં રહેવું પડતું હોય છે, નહિ તો શિષ્યમાં કુશળતા-પ્રવિણતા આવતી નથી. શીખનારે શિષ્યભાવ રાખવો અત્યંત જરૂરી છે.

રાજ્યમંત્રીમંડળના તમામ મંત્રીઓને ગુરૂપૂર્ણિમાના દિવસે સાધુ સંતો મહંતોનું સન્માન કરવા માટે સૂચના આપવામાં આવી હોઈ આજે મંત્રીઓ મંદિરો અને આશ્રમોમાં જઈ મહંતો સંતો અને સાધુઓને શાલ ઓઢાડી તેમનું સન્માન કરશે.

ગુરૂપૂર્ણિમાની ઉજવણી માટે મંદિરોમાં પણ પૂજાઅર્ચનાના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ગાંધીનગરના સેક્ટર-૧ ખાતે આવેલ ગાયત્રી શક્તિપીઠ ખાતે પં.પૂ. રામશર્મા આચાર્યે જે ગુરૂદેવ તરીકે ઓળખાય છે તેમની પૂજા અર્ચના કરવામાં આવી હતી અને ભક્તિભાવ પૂર્વક ગુરૂપૂર્ણિમા પર્વ ઉજવવામાં આવ્યો હતો. શક્તિપીઠ ખાતે મંત્રજાપનો પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શહેરના કેટલાક મંદિરોમાં આવતીકાલે ભાવીક ભક્તો અને શીષ્યો મોટી સંખ્યામાં ઉમટશે અને પોતાના ગુરૂઓની પૂજાઅર્ચના કરીને ગુરૂઓ પાસેથી આશીર્વચનો મેળવશે.



પાદુકા પૂજન : ગુરુપૂર્ણિમાના પાવન પર્વે પાદુકા પૂજન દ્વારા ગુરુના માર્ગે ચાલવાનો સંકલ્પ કરાય છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરુનો મહિમા મોટો લેખાયો છે. આજે ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે રાજ્યભરમાં વિવિધ આશ્રમો અને મંદિરોમાં ગુરુજીની પાદુકાનું પૂજન કરી ગુરુજીએ ચીંધેલા માર્ગ ઉપર ચાલવાની પ્રતિબદ્ધતા ભાવપૂર્વક વ્યક્ત કરાશે.

## આજે વિજય મુહૂર્તમાં જિલ્લા પંચાયત પ્રમુખપદ માટે ઉમેદવારીપત્ર ભરાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા પ્રમુખનુ ઉમેદવારી પત્ર આજે વિજય મુહૂર્ત દરમ્યાન કોંગ્રેસ પક્ષ દ્વારા રજુ કરવામાં આવશે. આ માટે પક્ષ દ્વારા સંપૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યોની આજે સવારે મળનારી બેઠકમાં પ્રમુખપદના ઉમેદવારનું નામ પ્રદેશ નીરીક્ષક દ્વારા જાહેર કરવામાં આવશે.

જિલ્લા કોંગ્રેસ સમિતિએ આ બેઠક માટે પક્ષના તમામ સભ્યોને જાણ કરી દીધી છે. આ બેઠકમાં સભ્યોને મેન્ડેટ પણ આપવામાં આવશે તેમ જાણવા મળલે છે. ગાંધીનગરથી દૂર એક ખાનગી સ્થળે આ બેઠક યોજવામાં આવી હોવાનું પક્ષના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખપદેથી શ્રીમતિ મંગીબેન પટેલે રાજીનામુ આપતાં આ પદ ખાલી પડેલ છે. હવે નવા નેતાની ચૂંટણી માટે સોમવારે ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ છે. કોંગ્રેસ પક્ષના સભ્યોની બેઠકમાં નામ નક્કી થયા બાદ સભ્યો ગાંધીનગર આવી ઉમેદવારી પત્ર રજુ કરશે.

જિલ્લા પંચાયતમાં અગાઉ પ્રમુખની ચૂંટણી પૂર્વે થયેલા દશ્યો પુનઃ ના સર્જાય તે માટે પક્ષની નેતાગીરી સૌને સાથે રાખી આગળ વધી રહેલ છે. પક્ષની નેતાગીરીએ ગઈકાલે આ હોદ્દા માટે દાવેદારી કરનારી ચારેય મહિલા સદસ્યોને ઉમેદવારી પત્ર ભરીને તૈયાર રહેવા સૂચના આપી હતી. આજે પક્ષના આગેવાનોએ તમામ સભ્યોને બેઠકના સ્થળે સવારે ૧૧ વાગ્યા સુધીમાં પહોંચી જવાના આદેશ આપ્યા છે.

મંગળવારે મળનારી સામાન્ય સભામાં આ પદ માટે ચૂંટણીની ઔપચારિકતાઓ પૂર્ણ કરવામાં આવશે. ભાજપ આ પદ માટે ઉમેદવારી કરનાર નથી.

ગાંધીનગર જિલ્લા પંચાયતની

● અનુસંધાન પાના - ૭ પર






# રાજ્યમાં ભારે વરસાદની વકી

અમદાવાદ, તા.૨૧

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદે વિરામ લીધો છે પરંતુ કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા હોવાના હેવાલ મળ્યા છે. છેલ્લા કેટલાક ૨૪ કલાકની વાત કરવામાં આવે તો દક્ષિણ ગુજરાતમાં કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના પણ કેટલાક વિસ્તારોમાં વરસાદ પડ્યા હોવાના હેવાલ મળ્યા છે. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં હળવા વરસાદી ઝાપટા પડયા છે.

બીજીબાજુ હવામાન વિભાગે માહિતી આપતા જણાવ્યું છે કે, અમદાવાદ શહેરમાં આવતી કાલે ગાજવીજ સાથે વરસાદના એકાદ બે ઝાપટા પડી શકે છે. બીજી બાજુ રાજ્ય માટેની આગાહીમાં હવામાન વિભાગે ગુજરાત, દમણ, દાદરાનગર હવેલીમાં આગમી ૩૬ કલાક દરમિયાન ઘણી જગ્યાઓએ અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. આ ઉપરાંત કેટલાક જિલ્લાઓમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. તાપમાન પર નજર કરવામાં આવે તો અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૪.૭ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૨ ડિગ્રી નોધાયું હતું. જ્યારે પાટનગર ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૨૬.૫ નોંધાયુ હતું. સૌરાષ્ટ્ર અને કચ્છમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો નોંધાયો છે. દક્ષિણ ગુજરાતમાં જે વિસ્તારોમાં હળવો વરસાદ થયો છે તેમાં અંકલેશ્વર, ભરૂચ, ઝગડીયા, વાલીયાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નર્મદાના દેડીયાપાડા, તીલકવાડા, તાપીના નીઝર, સોનગઢ, ઉછ્છલ, વ્યારામાં હળવો વરસાદ પડ્યો છે. આ ઉપરાંત સુરતના બારડોલી, ચોર્યાસી, કામરેજ, મહુવા, માંડવી, માંગરોળ, પલસાણા, સુરત શહેરમાં વરસાદ નોંધાયો છે. નવસારીના ચીખલીમાં બે ઈંચથી વધુ વરસાદ થયા હોવાના હેવાલ મળ્યા છે. ગણદેવીમાં પણ એક ઈંચની આસપાસ વરસાદ થયો છે.














રક્તદાન મહાદાન

